1. **નીચેના પૈકી કયું 3° એમાઇન છે ?**

(A) 1-મિથાઈલ સાયક્લો હેક્ઝાઈલએમાઈન | (B) ટ્રાયઈથાઈલ એમાઈન

(C) 3°-બ્યુટાઈલ એમાઈન | (D) N-મિથાઈલ એનિલિન

**જવાબ (B)** ટ્રાયઈથાઈલ એમાઈન

➠ **(A)**  **(B)**  3° એમાઈન **(C)**  1° એમાઈન **(D)** 

2. **$CH_2 = CHCH_2NHCH_3$ નું સાચું IUPAC નામ જણાવો.**

(A) એલાઈલમિથાઈલએમાઈન | (B) 2-એમિનો-4-પેન્ટીન

(C) 4-એમિનોપેન્ટ-1-ઈન | (D) N-મિથાઈલપ્રોપ-2-ઈન-1-એમાઈન

**જવાબ (D)** N-મિથાઈલપ્રોપ-2-ઈન-1-એમાઈન

3. **નીચેના પૈકી કયુ જલીય માધ્યમમાં પ્રબળ બેઇઝ છે ?**

(A) $CH_3NH_2$ (B) $NC - CH_2NH_2$ (C) $(CH_3)_2NH$ (D) $C_6H_5 - NH - CH_3$

**જવાબ (C)** $(CH_3)_2NH$

➠

| સંયોજન | બેઝિકતા માટે જવાબદાર પરિબળ |
|---|---|
| (A) $CH_3 - NH_2$ | પ્રેરક અસર (+I) |
| (B) $NC - CH_2 - NH_2$ | પ્રેરક અસર (–I) |
| (C) $(CH_3)_2NH$ | પ્રેરક અસર(I) અને દ્રાવકયોજન |
| (D)  | –I પ્રેરક અસર અને સંસ્પંદન |

➠ કારણ કે +I અસર અને દ્રાવકયોજન એ બેઝિકતા વધારે છે. જ્યારે –I અસર અને સંસ્પંદન બેઝિકતા ઘટાડે છે.

4. **નીચેના પૈકી કયું નિર્બળ બ્રોન્સ્ટેડ બેઇઝ છે ?**

(A)  (B)  (C)  (D) $CH_3$ $NH_2$

**જવાબ (A)**

➠ એનિલિનમાં થતા સંસ્પંદનના લીધે એનિલિન નિર્બળ બ્રોન્સ્ટેડ બેઇઝ છે.



5. **બેન્ઝાઇલ એમાઇનની આલ્કાઇલ હેલાઇડ સાથેનું સમીકરણ નીચે મુજબ છે :**

$C_6H_5CH_2NH_2 + R - X \rightarrow C_6H_5CH_2NHR.$

**નીચેના પૈકી કયું આલ્કાઇલ હેલાઇડ આ પ્રક્રિયા માટે $S_N1$ ક્રિયાવિધિ મુજબ યોગ્ય છે ?**

(A) $CH_3Br$ (B) $C_6H_5Br$ (C) $C_6H_5CH_2Br$ (D) $C_2H_5Br$

**જવાબ (C)** $C_6H_5CH_2Br$

➠ $S_N1$ ક્રિયાવિધિ પ્રમાણે જેમ કાર્બોકેટાયનની સ્થાયિતા વધારે તે પ્રક્રિયાની સક્રિયતા વધુ

| આલ્કાઇલ હેલાઇડ | | મધ્યસ્થી |
|---|---|---|
| (A) $CH_3Br$ | $\longrightarrow$ | $CH_3^{\oplus}$ |
| (B) $C_6H_5Br$ | $\longrightarrow$ | $C_6H_5^{\oplus}$ |
| (C) $C_6H_5CH_2Br$ | $\longrightarrow$ | $C_6H_5 - CH_2^{\oplus}$ (વધુ સ્થાયી) |
| (D) $C_2H_5Br$ | $\longrightarrow$ | $C_2H_5^{\oplus}$ |

**જવાબ (C)** $C_6H_5CH_2Br \longrightarrow C_6H_5 - CH_2^{\oplus}$ (વધુ સ્થાયી)

6. **એરાઇલ નાઇટ્રો સંયોજનમાંથી એમાઇન બનાવવા માટે કયો પ્રક્રિયક યોગ્ય નથી ?**

(A) $H_2$(વધુ) / Pt (B) $LiAlH_4$ (ઇથર) (C) Fe / HCl (D) Sn / HCL

**જવાબ (B)** $LiAlH_4$ (ઇથર)

7. **આલ્કાઇલ હેલાઇડમાંથી 1° એમાઇનની બનાવટ દરમિયાન સામાન્ય રીતે $CH_2$ સમૂહ કાર્બન શૃંખલામાં વધારવા માટે કયો પ્રક્રિયક ઉપયોગી છે ?**

(A) $NaNH_2$ (B) $NaN_3$ (C) KCN (D) $C_6H_4(CO)_2N^-K^+$

**જવાબ (C)** KCN

➠ 


8. **એમાઇનના ગેબ્રિયલ સંશ્લેષણમાં N નો સ્રોત જણાવો.**

(A) $NaN_3$ (B) $NaNO_2$

(C) KCN (D) $C_6H_4(CO_2)N^-K^+$ (પોટેશિયમ થેલિમાઇડ)

**જવાબ (D)** $C_6H_4(CO_2)N^-K^+$ (પોટેશિયમ થેલિમાઇડ)

➠ 


થેલિક એસિડ

9. **2° એમાઇનની બનાવટ માટે નીચે આપેલ પૈકી પ્રક્રિયકનો કયો સેટ યોગ્ય છે ?**

(A) 2° $R - Br + NH_3$

(B) 2° $R - Br$ + NaCN પછી $H_2/Pt$

(C) 1° $R - NH_2$ + R CHO પછી $H_2/Pt$

(D) 1° $R - Br$ (2 મોલ) + પોટેશિયમ થેલિમાઇડ $\rightarrow H_3O^+/\Delta$

**જવાબ (C)** 1° $R - NH_2$ + R CHO પછી $H_2/Pt$

➠ $R - NH_2 + RCHO \rightarrow [R - N = \underset{\displaystyle H}{\underset{|}{C}} - R]$

$$\downarrow H_2/Pt$$



$2^\circ$ એમાઇન

**10. 2-ફિનાઇલ પ્રોપેનેમાઇડને 2-ફિનાઇલ પ્રોપેનેમાઇનમાં રૂપાંતર કરવા યોગ્ય પ્રક્રિયક જણાવો.**

(A) વધુ $H_2$ (B) જલીય NaOHમાં $Br_2$ (C) લાલ Pની હાજરીમાં $I_2$ (D) $LiAlH_4$ / ઈથર

**જવાબ (D)** $LiAlH_4$ / ઈથર

➠ 

**11. 2-ફિનાઇલ પ્રોપેનામાઇડને 1-ફિનાઇલ ઇથેનેમાઇનમાં રૂપાંતર કરવા યોગ્ય પ્રક્રિયક જણાવો.**

(A) વધુ $H_2$ / Pt (B) NaOH / $Br_2$ (C) $NaBH_4$ / મિથેનોલ (D) $LiAlH_4$ / ઈથર

**જવાબ (B)** NaOH / $Br_2$

➠ 

2-ફિનાઇલ પ્રોપેનેમાઇડ 1-ફિનાઇલ ઇથેનેમાઇન

**12. હોફમેન બ્રોમેમાઇડ પ્રક્રિયા .......... માં જોવા મળે છે.**

(A) $ArNH_2$ (B) $ArCONH_2$ (C) $ArNO_2$ (D) $ArCH_2NH_2$

**જવાબ (B)** $ArCONH_2$

➠ 

બેન્ઝામાઇડ એનિલિન

**13. નીચે આપેલ સંયોજનોમાં બેઝિક પ્રબળતાનો સાચો ચઢતો ક્રમ જણાવો.**



(i) (ii) (iii)

(A) (ii) < (iii) < (i) (B) (iii) < (i) < (ii) (C) (iii) < (ii) < (i) (D) (ii) < (i) < (iii)

**જવાબ (D)** (ii) < (i) < (iii)

➠ $\bar{e}$ દાતા સમૂહ બેઝિકતામાં વધારો કરે છે. ત્યારે $\bar{e}$ આકર્ષક સમૂહ બેઝિકતામાં ઘટાડો કરે છે તેથી. III > I > II

**14. મિથાઇલ એમાઇનની $HNO_2$ સાથેની પ્રક્રિયાથી ...........**

(A) $CH_3 - O - N = O$ (B) $CH_3 - O - CH_3$ (C) $CH_3OH$ (D) $CH_3CHO$

**જવાબ (C)** $CH_3OH$

➠ $CH_3NH_2 \rightarrow CH_3 - N_2^+ Cl^- \xrightarrow{H_2O} CH_3OH$

મિથેનોલ

**15. મિથાઇલ એમાઇનની $HNO_2$ સાથે પ્રક્રિયા કરતા કયો ગેસ ઉત્પન્ન થાય છે ?**

(A) $NH_3$ (B) $N_2$ (C) $H_2$ (D) $C_2H_6$

**જવાબ (B)** $N_2$

➠ $CH_3NH_2 \xrightarrow{HNO_2} CH_3N_2^+Cl^- \xrightarrow[H_2O]{\Delta} CH_3OH + N_2\uparrow$

મિથેનોલ

**16. બેન્ઝિનના નાઇટ્રેશનમાં સાંદ્ર $HNO_3$ અને સાંદ્ર $H_2SO_4$ના મિશ્રણનો ઉપયોગ કરતા કઈ સ્પિસીઝ પ્રક્રિયા શરૂ કરે છે ?**

(A) $NO_2$ (B) $NO^+$ (C) $NO_2^+$ (D) $NO_2^-$

**જવાબ (C)** $NO_2^+$

➠ $HNO_3 + 2H_2SO_4 \rightarrow NO_2^+ + 2HSO_4^- + H_3O^+$

($e^-$ અનુરાગી વિસ્થાપન પ્રક્રિયા)

**17. એરોમેટિક નાઇટ્રોસંયોજનોનું Fe / HCl સાથે રિડક્શન કરતાં...**

(A) એરોમેટિક ઓક્ઝાઇમ (B) એરોમેટિક હાઇડ્રોકાર્બન

(C) એરોમેટિક પ્રાથમિક એમાઇન (D) એરોમેટિક એમાઇડ

**જવાબ (C)** એરોમેટિક પ્રાથમિક એમાઇન

➠ 


નાઇટ્રોબેન્ઝિન એનિલિન

**18. મંદ HCl સાથે ખૂબ જ સક્રિય હોય તેવો એમાઇન .........**

(A) $CH_3NH_2$ (B)  (C)  (D) 

**જવાબ (B)**

➠ જે બેઇઝની પ્રબળતા વધુ તે મંદ HCl સાથે પ્રબળતાથી પ્રક્રિયા આપે છે.



**19. એસિડ એનહાઇડ્રાઇડની પ્રાથમિક એમાઇન સાથેની પ્રક્રિયા કરતાં ..........**

(A) એમાઇડ (B) ઇમાઇડ (C) 2° એમાઇન (D) ઇમાઇન

**જવાબ (A)** એમાઇડ

➠ 

એમાઇડ

**20.** $ArN_2^+Cl^- \xrightarrow{Cu/HCl} ArCl + N_2 + CuCl$ **આપેલ પ્રક્રિયાનું નામ ..........**

(A) સેન્ડમેયર પ્રક્રિયા (B) ગેટરમેન પ્રક્રિયા

(C) કલેઝન પ્રક્રિયા (D) કાર્બાઇલ એમાઇન પ્રક્રિયા

**જવાબ (B)** ગેટરમેન પ્રક્રિયા

➠ 


**21. શૃંખલામાં કાર્બન પરમાણુની સંખ્યા બદલાયા વગર આલ્કાઇલ હેલાઇડમાંથી પ્રાથમિક એમાઇન બનાવવાની યોગ્ય પદ્ધતિ જણાવો.**

(A) હોફમેન બ્રોમેમાઇડ પ્રક્રિયા (B) ગેબ્રિયલ થેલિમાઇડ સંશ્લેષણ

(C) સેન્ડમેયર પ્રક્રિયા (D) $NH_3$ સાથે પ્રક્રિયા

**જવાબ (B)** ગેબ્રિયલ થેલિમાઇડ સંશ્લેષણ

➠ 


**22. નીચે આપેલ સંયોજન પૈકી કયું સંયોજન બેન્ઝિન ડાયએઝોનિયમ ક્લોરાઇડ સાથે એઝો સંયુગ્મન પ્રક્રિયા આપતું નથી ?**

(A) એનિલિન (B) ફિનોલ (C) એનિસોલ (D) નાઇટ્રોબેન્ઝિન

**જવાબ (D)** નાઇટ્રોબેન્ઝિન

➠ $-OH$, $-NH_2$, $-OCH_3$, એ $e^-$ દાતા સમૂહ છે જ્યારે $-NO_2$ એ $e^-$ આકર્ષક સમૂહ છે. તેથી તે $-NO_2$ સાથે પ્રક્રિયા કરતો નથી.




**23. નીચે પૈકી કયું સંયોજન નિર્બળ બ્રોન્સ્ટેડ બેઇઝ છે ?**

(A) 

(B) 

(C) 

(D) 


**જવાબ (C)**

➠ ફિનોલ એ નિર્બળ બ્રોન્સ્ટેડ બેઇઝ છે. જ્યારે ફિનોલ $H^+$ ગુમાવે ત્યારે ખૂબ જ ઓછું સ્થાયી સંયુગ્મી ઍસિડ ઉત્પન્ન કરે છે. ઑક્સિજન એ N કરતાં વધુ વિદ્યુતઋણતા ધરાવે છે. તેથી $O-H$ બંધ એ વધુ ધ્રુવીય છે અને તે ઍસિડિક સ્વભાવ ધરાવે છે.

**24. નીચે આપેલ એમાઇન પૈકી પ્રબળ બ્રોન્સ્ટેડ બેઇઝ .........**

(A) 

(B) $NH_3$
(C) 

(D) 


**જવાબ (D)**

➠ (D) એનિલિન એ $NH_3$ કરતાં નિર્બળ બેઇઝ છે, કારણ કે એનિલિનમાં સસ્પંદન બંધારણ જોવા મળે છે.

➠ પાયરોલ (C) એ પ્રબળ બેઇઝ નથી કારણ કે અબંધકારક $e^-$ યુગ્મ એ એરોમેટિક બંધારણ ઉપર સ્થાનીકૃત થાય છે.

➠ તેથી પાયરોલિડિન (d) એ પ્રબળ બેઇઝ છે, કારણ કે તેમાં સસ્પંદન બંધારણ જોવા મળતું નથી.

**25. $H_2O$, $NH_3$, $OH^-$, $NH_2^-$ માટે બેઝિક પ્રબળતાનો ઊતરતો ક્રમ જણાવો.**

(A) $NH_2^- > OH^- > NH_3 > H_2O$
(B) $OH^- > NH_2^- > N_2O > NH_3$
(C) $NH_3 > H_2O > NH_2^- > OH^-$
(D) $H_2O > NH_3 > OH^- > NH_2^-$

**જવાબ (A)** $NH_2^- > OH^- > NH_3 > H_2O$

➠ 


અહીં એમાઇડ $NH_2^-$ એ પ્રબળ બેઝિક છે, કારણ કે તે ઋણ વીજભાર ધરાવે છે અને બે $e^-$ યુગ્મ N પરમાણુ ઉપર આવેલ છે.

**26. નીચેના પૈકી સૌથી વધુ બાષ્પશીલ જણાવો.**

**(I) $CH_3CH_2CH_2NH_2$ (II) $(CH_3)_3CH$ (III)** 

**(IV) $CH_3$ $CH_2$ $CH_3$**

(A) II
(B) IV
(C) I
(D) III

**જવાબ (B)** IV

➠ (B) 1° અને 2° એમાઇન તેમાં રહેલા H બંધના કારણે વધુ ઊંચા ઉત્કલનબિંદુ ધરાવે છે અને તે એમાઇન કરતાં ઓછા બાષ્પશીલ છે.

➠ 3° એમાઇન વધુ ધ્રુવીય હોવાના લીધે તે ઊંચા ઉત્કલનબિંદુ ધરાવે છે.

➠ હાઇડ્રોકાર્બન (IV) એ અધ્રુવીય છે તેથી તે સૌથી વધુ બાષ્પશીલ છે.